સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૧૧

સરોવરમાં પડ્યો પથ્થર કુંડાળાય છે પાણી!
વડાપદની જાહેરાતનું ડહોળાય છે પાણી!
વંટોળાય વાતાવરણ વણઝારા-પત્ર પછી
દબાવ નીચે પોલીસ-શક્તિ ધૂંધવાય છે પાણી!

હાઈકુ

સંસદમાં યે
બોલી નથી શકતા
ખોંખારો ખોઇ!
(ચીન માટે નરમ નિવેદનો)

થાકી છે ઊંઘ!
સપના જોઇ જોઇ
જલ્દી જાગો ને!
(જાહેરાત માટે ત્રાગાં)

ચિંતન

નાલ્પદોષાદ્ બહુગુણાસ્ત્યજ્યન્તે ।

ચાણક્ય સૂત્ર છે.

'કોઇના સામાન્ય અવગણને નિહાળીને, એના બીજા અનેક સદ્ગુણોનો અસ્વીકાર ન કરવો જોઇએ.'

કોઇ વ્યક્તિમાં એકાદ દોષ તો હોય જ છે કોઇ માણસ 'પૂર્ણ' - પુરૂષોત્તમ હોઇ ન શકે ગમે તેવા સંત-સજ્જન-બાપુ હોય પણ ટેવ-રીતભાત - સ્વભાવ બોલવા - ચાલવાની ભાષા, આચાર-વિચારમાં ક્યાંક તો કોઇ દોષ તો હોય જ અને એને જ 'માણસ' કહેવાય - નહીં તો દેવ-ઇશ્વર જ ન કહેવાય?

એટલે કોઇ આવા નાના દોષને કારણે તેનો તિરસ્કાર ન થાય. પણ એમાં રહેલાં અન્ય સદ્ગુણોને જોઇ તેનું મહત્ત્વ આંકી તેમનું મૂલ્યાંકન થવું જોઇએ.

વળી, આપણે આપણી દૃષ્ટિથી જેને દોષ-અવગુણ તરીકે જોઇએ છીએ આ હકીકતમાં માત્ર આપણી દૃષ્ટિ-સમજનો જ દોષ હોઇ શકે છે. એ માત્ર આપણી જ ભૂલ હોઇ શકે છે.

ઘણીવાર સંત-સજ્જનનું આચરણ-વર્તણૂંક ન સમજી શકાય એવા લોકોની, લોકમાન્યાતાથી દૂર રહેવાના કારણોસર પણ હોઇ શકે-વાસ્તવમાં એ એનો 'સદ્ગુણ' જ હોય એવું પણ બને.

વ્યક્તિનું મૂલ્ય તેનાં સંપૂર્ણ આચરણથી માપવું જોઇએ, અંશમાત્રથી એનું સાચું મૂલ્યાંકન થતું નથી.

સુવિચાર

- **જ્ઞાનદૃષ્ટિ સેવવી શ્રેયસ્કર છે, સમાન દૃષ્ટિ સેવવી વિશેષ શ્રેયસ્કર છે. અર્પણવૃત્તિ શ્રેયસ્કર છે, અગ્રહણવૃત્તિ વિશેષ શ્રેયસ્કર છે - રાજર્ષિ**
- **કમળને પ્રેમ કરવાની ફુરસદ પતંગિયા પાસે છે, મધમાખી પાસે એ નથી કેમ કે એ તો મધનો સંગ્રહ કરવામાં વ્યસ્ત છે - એસ. ભટ્ટાચાર્ય**
- **હું કામમાં ડૂબેલો હોઉં છું ત્યારે ભગવાન મારો આદર કરતો હોય છે, પણ જ્યારે હું ગાતો હોઉં છું ત્યારે ભગવાન મને પ્રેમ કરતો હોય છે - બર્નાડ શો**
- **મનતો ટોર્ચ જેવું છે, ટોર્ચને ગટરની દિશા તરફ કરીએ તો એના પ્રકાશમાં ગટરના દર્શન જ થાય, અને એ જ ટોર્ચને બગીચા તરફ કરીએ તો ફુલોના દર્શન થાય- મુનિ ચંદ્રસુરિશ્વરજી**
- **આખરે એક દિવસ આવે છે બીજાને કોમળતા છોડીને ધરતી ફાડીને બહાર આવવાનું દર્દ પીડા ભોગવવા પડે છે, જો આમ ન બનતું હોય તો સૃષ્ટિનો અંત આવી જાય - મોરારીબાપુ**
- **પ્રાર્થના કરનાર પોતે પણ પ્રભુથી તરબોળ બને છે - સંતરામ**
- **ધ્યાનનો એક અર્થ 'પોતાની જીવન કિતાબનું નિખાલસ વાંચન' - ટાગોર**

બોધ કથા

નાસ્તિક અને ઇશ્વરમાં શ્રદ્ધા ન રાખનારા લોકો ધર્મગ્રંથો અને ઋષિમુનિઓના અનુભવ નવનીત જેવા શાસ્ત્રો-વેદ-ઉપનિષદ ને માત્ર કલ્પના અને જ્ઞાનનો ભંડાર સમજે છે એનો ઇશ્વર સાથે કોઇ જ સંબંધ નથી, એવું માને છે; એના અભ્યાસમાં વ્યર્થ સમય બગાડ જેવું લાગે છે.

એક મહાન વૈજ્ઞાનિક ડો. સી.વી. રામનની મુલાકાત ઇસ્કોનના પ્રભુપાદ સાથે થઇ, અને ભગવાનની હયાતિ વિષે ચર્ચા થઇ..

પ્રભુપાદ કહે આ દિવાલની બીજી બાજુ કશું જ નથી કારણ કે દેખાતું નથી તો શું એ સત્ય કહેવાય?

ડો. સી.વી રામન કહે 'પ્રથમ દૃષ્ટિએ તમે કહો છો તે સત્ય નથી કારણ વિજ્ઞાનની મદદથી આપણે દિવાલની બીજી બાજુ શું છે પ્રયત્ન-પ્રયોગ દ્વારા જાણી શકીએ છીએ.. હું મારી ઇન્દ્રિયો દ્વારા જેનો અનુભવ ન કરી શકું તે સ્વીકારી શકું નહીં માત્ર વાચન દ્વારા જ્ઞાન-દિવ્યદૃષ્ટિ શક્ય ન બને.'

તમારા વિદ્યાર્થીઓ પહેલાં વિજ્ઞાન જાણીને પામી લે પછી અભ્યાસ કરે છે કે અભ્યાસ કર્યા પછી વિજ્ઞાન જાણે અનુભવે છે?

ડો. રામન પહેલાં અભ્યાસમાંથી તો પસાર થવું જ પડે ને? શ્રી પ્રભુપાદે કહ્યું, એવી જ રીતે પ્રભુને જાણવા ઋષિમુનિ એ જે વાત શાસ્ત્રોમાં અનુભવ સિદ્ધ લખી છે તેનો અભ્યાસ તો કરવો જોઇએ ને?!

Email - sureshchandrabhatt18@gmail.com

કોઇ ફીરકીમાં દોરીનો છેડો ખોવાઇ જાય એમ આપણા જીવનમાંથી શિક્ષણનો સાચો અર્થ ખોવાઇ ગયો, એના મૂળ અર્થોને પામવા માટે તો એના ઉદ્દેશોને જ સમજવા જોઇએ

શિક્ષણનો અર્થ અને ઉદ્દેશ

- હર્ષદ પ્ર. શાહ

મનુષ્ય જીવન અપાર રહસ્યો અને અસીમ સંભાવનાઓથી ભરપૂર છે. ભગવાને સર્જેલી આ ભવ્ય - દિવ્ય સૃષ્ટિ અદભૂત છે. આ સૃષ્ટિનું અનુપમ સર્જન જો કોઇ હોય તો તે છે મનુષ્ય. મનુષ્ય પોતે રહસ્યોનો ભંડાર છે. એ પોતે પોતાને ઓળખી શકતો નથી. સુખ, શાંતિ, સંતોષ અને આનંદ જેવા તત્ત્વો પામવા એ ચારે બાજુ ફાંફાં મારે છે. પરંતુ જ્ઞાનીઓ કહે છે - એ બધું તો મનુષ્યની પોતાની અંદર જ છે. એ જોવાની દિવ્ય દૃષ્ટિ કે અંતદૃષ્ટિ મનુષ્યને સહજ પ્રાપ્ય નથી. એ અતિ દુર્લભ છે. ગુરૂ વિના જ્ઞાન નહીં અને જ્ઞાન વિના અંતદૃષ્ટિ નહીં. પરમ પ્રકાશમાન અને પૂર્ણ ચૈતન્યસભર આત્મા મનુષ્યની અંદર જ વસતો હોવા છતાં એના પ્રકાશ અને ચૈતન્ય પામી શકાતો નથી.

મૂળશંકર ગુરૂની શોધમાં હિમાલયની એક ગુફા પાસે પહોંચ્યો. દ્વાર ખખડાવ્યું. અંદરથી અવાજ આવ્યો - "કોન હૈ?" મૂળશંકરે જવાબ આપ્યો - "અગર યહી પતા હોતા કિં મૈં કૌન હૂં, તો મૈં યહાં નહીં આતા!"... અને એ મૂળશંકર ગુરૂની કૃપાથી - દયાનંદ સરસ્વતી બન્યા.

સદીઓથી, યુગોથી મનુષ્ય પોતાને ઓળખાવાનો પ્રયત્ન કરી રહ્યો છે. આત્મજ્ઞાન, આત્મદર્શન અને સાક્ષાત્મકારના કપરા માર્ગ પર ઘણા ચાલતા આવ્યા છે. પણ બહું થોડા અંતિમ લક્ષ્ય સુધી પહોંચી શક્યા છે. જ્ઞાનના માર્ગનો પ્રથમ પડાવ છે શિક્ષણ. શિક્ષણની સાધના જ સાધ્ય સુધી પહોંચવામાં મદદરૂપ બને છે.

શિક્ષણ શબ્દ પોતાનામાં અનેક અર્થો અને ઉદ્દેશો સમાવીને બેઠો છે, એના અર્થો અને ઉદ્દેશો સમજવાથી પોતાને સમજી શકાય છે, જગતને સમજી શકાય છે, શ્રેય અને પ્રેયનો ભેદ સમજી શકાય છે, સત અને અસત વચ્ચેના અંતરને ઓળખી શકાય છે. ચાલો, એને ઓળખીએ.

શિક્ષણનો અર્થ : શિક્ષણનો અર્થ છે -

- ➜ એક પેઢી દ્વારા બીજી પેઢીને સંસ્કારવારસાનું થતું હસ્તાંતરણ
- ➜ મનુષ્ય - મનુષ્ય વચ્ચે થતું વૈચારિક સંપ્રેષણ
- ➜ બુદ્ધિ પર છવાયેલો અજ્ઞાનનાં આવરણોનું અનાવરણ
- ➜ મનની સમસ્ત શક્તિનોનાં એકાકીકરણ દ્વારા એકાગ્રતાની શોધ
- ➜ એકાગ્રતાપૂર્વક કોઇ નિશ્ચિત વિષયના ઊંડાણમાં ઉતરી રહસ્યોનું ઉદ્ઘાટન કરવું - સંશોધન કરવું
- ➜ ઇન્દ્રિયોના સંયમની સાધના
- ➜ જીવનની ઘટમાળને હકારાત્મક દૃષ્ટિથી જોવાની ટેવ
- ➜ સંપૂર્ણ જડ-ચેતન સૃષ્ટિ સાતે તાદાત્મય સાધવાની મનોવૃત્તિનો વિકાસ
- ➜ શ્રમ અને કૌશલ્યોનું સુભગ મિલન
- ➜ કેવળ 'સ્વ' માટે નહીં, 'સર્વ' માટે જીવવાની કળા
- ➜ 'વ્યક્તિ નહિ, રાષ્ટ્ર સર્વોપરી છે '- એ મહામંત્રનું જીવનવ્યવહારમાં પ્રગટીકરણ
- ➜ સર્વશક્તિમાન પરમેશ્વરમાં પરમ શ્રદ્ધાના ભાવથી જીવનની રચના
- ➜ શ્રેય અને પ્રેયનો ભેદ પારખવાની ક્ષમતાનો વિકાસ
- ➜ સત્ય, અહિંસા, કરૂણા, સમન્વય, અપરિગ્રહ જેવા શ્રેષ્ઠ ગુણોનો જીવન-વ્યવહારમાં આવિષ્કાર
- ➜ યોગ, ઉદ્યોગ અને સહયોગની કેળવણી
- ➜ સ્વભાષા, સ્વભૂષા અને સ્વત્વની ઉપાસના
- ➜ શ્રેષ્ઠાચારની સાધના અને ભ્રષ્ટાચાર - અન્યાય સામે સંઘર્ષ કરવાની દૃઢ ઇચ્છાશક્તિનો વિકાસ
- ➜ સંકુચિત દૃષ્ટિનો ત્યાગ અને વ્યાપકતાનો સ્વીકાર
- ➜ ખંડ ખંડમાં જીવનનો વિચાર નહીં, અખંડ જીવનનું દર્શન
- ➜ સત્યમ્, શિવમ્, સુંન્દરમ્ની ઉપાસના

આટઆટલા ગહન અર્થોને પોતાના ગર્ભમાં સમાવતું 'શિક્ષણ' આજે આટલું નિરર્થક શાને? વિરાટ શક્તિ ધરાવતું 'શિક્ષણ' આજે વામણું કેમ? પરિવર્તનની અપાર ક્ષમતા ધરાવતું 'શિક્ષણ' આજે શિથિલ કેમ? શિક્ષણ ઉપર દર્શાવ્યા મુજબના દિવ્ય અર્થો ધરાવતું તત્ત્વ હોવા છતાં એના એવા પરિણામો કેમ દેખાયા નથી? આ અનેક શુભચિંતકોનો પ્રશ્ન છે. લાગે છે આપણે શિક્ષણની સંકલ્પના સમજવામાં અને એના ક્રિયાન્વયનમાં ક્યાંક ચૂક્યા છીએ.

કોઇ શબ્દનો અર્થ સમજાતો હોય પણ એમાં નિહિત ઉદ્દેશ ન સમજાતો હોય તો સાર્થકતા મળતી નથી. 'શિસ્ત' અને 'અનુશાસન' - એવા બે શબ્દોના સાહિત્યિક કે શાબ્દિક અર્થ સમજનાર માનવી એનો ઉદ્દેશ જ ન સમજે તો એનું જીવન નિરંકુશ - અનુશાસનહીન ઘડાય. એવું જ શિક્ષણના સંદર્ભમાં પણ બન્યું હોય એવું લાગે. એનો ઉદ્દેશ સમજીને આચરણમાં મૂકવાને બદલે એનો વાણિજ્યિક, વ્યાપારિક અને ઉપભોગજન્ય એવો છીછરો અર્થ આપણે તારવ્યો. પરિણામે 'શિક્ષણ' શબ્દનાં દિવ્ય પરિણામોથી આપણે વંચિત રહ્યા અને છીછરાપણાની આડઅસરોના આપણે શિકાર બન્યા. કોઇ ફીરકીમાં દોરીનો છેડો ખોવાઇ જાય એમ આપણા જીવનમાંથી શિક્ષણનો સાચો અર્થ ખોવાઇ ગયો. એના મૂળ અર્થોને પામવા માટે તો એના ઉદ્દેશોને જ સમજવા જોઇએ. ઉદ્દેશ સમજીને એ પામવાની તીવ્રતા જો જન્મે તો એના અર્થો કદાપિ અનર્થ ન સર્જે!

જેમ 'શિક્ષણ' શબ્દના અનેક અર્થો તારવી શકાય છે તેમ એના ઉદ્દેશોના અનેકવિધ પરિમાણો પણ સમજી શકાય છે. તો હવે આપણે શિક્ષણના અસીમ ઉદ્દેશો અને આયામોનો વિચાર કરીએ...

શિક્ષણના ઉદ્દેશો : શિક્ષણના વિવિધ ઉદ્દેશો છે -

- ➜ મનુષ્ય નિર્માણ
  મનુષ્ય નિર્માણ દ્વારા રાષ્ટ્રનિર્માણ
- ➜ ચતુર્વિધ પુરૂષાર્થોની સમજ
  ધર્મ-અર્થ-કામ-મોક્ષનું સંતુલન
- ➜ જીવનમૂલ્યોનું જતન અને સંવર્ધન
  મૂલ્યોના જતન-સંવર્ધન દ્વારા સમાજજીવન ઉન્નત બનાવવું.
- ➜ સમાજના વિકાસ માટે માનવશક્તિનો સમુચિત ઉપયોગ.
  યંત્રશક્તિ અને માનવશક્તિનો વિવેકપૂર્ણ સમન્વય.
- ➜ જીવમાત્ર પ્રત્યે સમ્યક દૃષ્ટિનો વિકાસ -
  આત્મવત્ સર્વભૂતેષુ ।
  સદ્ગુણોનો વિકાસ અને દોષોમાંથી મુક્તિ -
  સા વિદ્યા યા વિમુક્તયે ।
- ➜ નરસેવા - નારાયણ સેવા માત્ર પૈસો નહીં, પુણ્ય પણ અર્જિત કરવું.
- ➜ ભૌતિકતા અને આધ્યાત્મિકતાનો સમન્વિત વિકાસ
- ➜ ચારિત્ર્ય નિર્માણ જીવનને મૂલ્યો અને સદ્ગુણોથી અલંકૃત કરવું અને ઉર્ધ્વગામી બનાવવું.

આમ, સાક્ષરતા જ શિક્ષણનો ઉદ્દેશ ન હોઇ શકે... જીવનની સાર્થકતા જ સાચા અર્થમાં શિક્ષણનો ઉદ્દેશ હોઇ શકે. ઉદ્દેશ પ્રત્યે નિષ્ઠા ન હોય તો કેવું સ્ખલન સર્જાય તે પણ વિચારવા જેવું છે, જેમ કે :

- ➜ યાંત્રિક અને વૈજ્ઞાનિક વિકાસે મનુષ્યને સંવેદનહીન બનાવ્યો.
- ➜ ઇન્દ્રિયોના સંયમને બદલે અસંયમિત ઉપભોગની દિશા પકડાવી.
- ➜ મનુષ્યને સમાજકેન્દ્રી બનાવવાને બદલે સ્વકેન્દ્રી બનાવ્યો.
- ➜ જીવનાદર્શોના વિકાસને બદલે એનો હ્રાસ કર્યો.

એક કવિએ સુંદર કાવ્યપંક્તિઓનું સર્જન કર્યું છે - "શિક્ષા જીવન કા ઉજાસ હૈ, શિક્ષા જીવન કા પ્રકાશ હૈ અલંકરણ હૈ યહ ચરિત્ર કા, યહ ક્ષમતાઓંકા વિકાસ હૈ"

શિક્ષણ વરદાન જ બનવું જોઇએ, અભિશાન નહીં શિક્ષણ સુમન છે, સુરભિ સ્વરૂપ જ બનવું જોઇએ. જગતમાં જે કંઇ અશુભ - અશોભનીય છે, તેમનો વિનાશ કરનારૂં જ શિક્ષણ હોય એ અપેક્ષિત છે. મનુષ્યને પૂર્ણત્વનો માર્ગ ચીંધી શકે એ જ શિક્ષણ સાચું. જીવનની સમગ્રતાનાં દર્શન કરાવી શકે એનું જ નામ શિક્ષણ. મનુષ્યને સત્યં-શિવં-સુંદરમ્ નો સાક્ષાત્કાર કરાવી શકે એ જ સાચું શિક્ષણ

સત્યં	શિવં	સુન્દરમ્
⬇	⬇	⬇
જ્ઞાનાત્મક રૂપે	ક્રિયાત્મક રૂપ	ભાવાત્મક રૂપ

એમ મનુષ્યનો ત્રિપરિણામી વિકાસ શિક્ષણ કરી શકે.

"જો કુછ જ્ઞાન નિહિત અંતર મેં, શિક્ષા ઉસકા વ્યક્ત રૂપ હૈ
જો કુછ સત્ય સત્યં શિવં સુન્દરમ્, વહ શિત્રા કે આસપાસ હૈ"

શિક્ષણની આવી ઉત્કૃષ્ટ વિભાવના આપમા મનમંદિરમાં ઉચ્ચાસને વિરાજે એવી અભિલાષા.

અશાંત ધારા હેઠળની મિલકત લે-વેચ માટે જીલ્લા કલેકટરશ્રીની પરવાનગી મેળવવી પડશે

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

રાજય સરકારના અશાંત ધારા હેઠળ જૂના નોટીફિકેશનમાં ૧૬ જેટલા પોલીસ સ્ટેશનોનો સમાવેશ કરવામાં આવતો હતો. પરંતુ છેલ્લા વર્ષમાં અમદાવાદ શહેરમાં મોટા પોલીસ સ્ટેશનોનાં બે ભાગ થઇને નવા પોલીસ સ્ટેશનો અસ્તિત્વમાં આવ્યા હોવાથી નવા નોટીફિકેશન મુજબ જૂના ૧૬ સહિત નવા બનેલા કુલ ૨૮ પોલીસ સ્ટેશનોની હદમાં આવતી સોસાયટી ના નામ સાથેનો વિસ્તાર અશાંત વિસ્તાર તરીકે આવરી લેવામાં આવેલ છે.

રાણીપનો અમુક વિસ્તાર સહિત જૂના ૧૬ પોલીસ સ્ટેશનની હદમાં આવતી વધુ પ્રોપટી અશાંત વિસ્તાર હેઠળ આવરી લેવામાં આવી છે. પશ્ચિમ વિસ્તારની રાણીપ વિસ્તારની ૧૦૦૦ જેટલી મિલ્કતોને હવે અશાંત ધારા હેઠળ આવરી લેવાય છે. રાજય સરકારે અમદાવાદ શહેરના પૂર્વ અને પશ્ચિમ ભાગની ૫૦ હજાર જેટલી મિલકતોને અશાંત ધારા હેઠળ આવરી લેતા હવે આ વિસ્તારમાં રહેનારાઓને પ્રોપર્ટીની પૂર્વ પરવાનગી મંજુરી મેળવવાની રહેશે ત્યારબાદ જ આવી મિલ્કતના દસ્તાવેજ નોંધવામાં આવશે તેમજ લે-વેચ, કાયદાકીય રીતે માન્ય ગણાશે.

રાજય સરકારે અમદાવાદ જીલ્લાના શહેરના અશાંત વિસ્તારોમાં મિલકતોના માલિકો અને ભાડુઓને રક્ષણ આપવા માટે ૧૯૯૧માં "ગુજરાત પ્રોહીબીશન ઓફ ટ્રાન્સફર ઓફ મુવેબલ પ્રોપર્ટીઝ એન્ડ પ્રોવીશન ફોર પ્રીમાઇશન ઇન ડીસ્ટર્બ એરીયા એક્ટ-૧૯૯૧" અમલમાં મુકવામાં આવેલ જેમાં આ ધારા હેઠલ આવરી લેવાયેલ વિસ્તારોમાં મિલ્કતની લે-વેચમાં કલેકટરની પૂર્વ મંજુરી અનિવાર્ય બનાવી દેવામાં આવેલ.

ભદ્ર કિલ્લો, ભદ્ર મિલ્કત, સીટી કોલેજ, એસવી કોલેજ, સહિતની મિલકતોનો અશાંત ધારા અન્વયે સમાવેશ કરવામાં આવેલ છે. જેનાથી જુની મિલ્કતો ખરીદી તે સ્થલે રિ ડેવલોપમેન્ટ યોજના અન્વયે કિંમતમાં આવી અશાંત વિસ્તારની લઘુમતિ વિસ્તારની પ્રોપર્ટી ખરીદવામાં આવતી હતી અને ત્યારબાદ રિ-ડેવલોપમેન્ટ યોજના અન્વયે નવીન બાંધકામ યોજના તૈયાર કરી ફલેટ સ્કીમ અમલમાં મુકી ઊંચી કિંમત બજારમાં વેચાણ કરી જમીન દલાલો તથા બિલ્ડરો ઊંચી કમાણી કરતા હતા જેનાથી અશાંત વિસ્તારમાં આવેલ લઘુમતિઓના પરિવારોની મિલ્કતો સસ્તા ભાવમાં વેચી દેવા માટે મજબૂર કરવામાં આવતા હતા.

રાજય સરકારે ચુપચાપ અશાંત ધારાના ૧૯૯૧ના નોટીફિકેશનમાં તાજેતરમાં જ નવો સુધારો કરી શહેરના પુર્વ અને પશ્ચિમ અમદાવાદની ૫૦ હજાર જેટલા પ્રોપર્ટી અશાંત ધારામાં મુકી દીધી છે. રાજય સરકારના આ નોટીફીકેશનના આધારે હવે શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં નવી ૫૦ હજાર મિલકતોની લે-વેચ માટે જીલ્લા કલેકટરશ્રીની પૂર્વ મંજૂરી અનિવાર્ય બની ગઇ છે. જીલ્લા કલેકટરશ્રીની પૂર્વ મંજુરી સિવાયની આવી પ્રોપર્ટીની લે-વેચ જીલ્લા કલેકટર રદબાદલ કરી શકશે તથા દસ્તાવેજો રદ બાતલ ગણાશે.

મંજુરી વિના થયેલ વેચાણના કિસ્સાઓમાં જિલ્લા કલેકટરશ્રી પોતાની સભાની રૂે વેચાણને ગેરકાયદેસર ઠેકરવી શકશે.

રાજય સરકારે જાહેર કરેલા જાહેરનામા બાદ નવા નોટીફિકેશનમાં વિસ્તારના નામ સાથે સર્વે નંબર, સીટી સર્વે નંબર અને ફાઇનલ પ્લોટ નંબરોની યાદી પણ જાહેર કરાઇ છે. આવી પાદી જીલ્લા કલેકટર કચેરી, ઔડા કચેરી તથા સબ રજીસ્ટ્રાર કચેરીએ જાહેર જનતા માટે મુકવામાં આવેલ છે.

આ નોટીફિકેશનમાં સર્વે નંબર પ્રમાણેની મિલ્કતોને અશાંત ધારા હેઠળ સમાવેશ કરવા પાછળનો સરકારનો આશય કોઇ પણ મિલકતોને લઇને હદનો વિવાદ ના સર્જાય તેમજ લઘુમતી વિસ્તારમાં આવેલ મિલ્કતોને બહુમતી સંખ્યામાં ધરાવતા જાતીની લોકો સસ્તામાં આવી મિલ્કત પડાવી ના લે તે છે, તથા લઘુમતિ પરિવારને પોતાની મિલ્કતનું યોગ્ય વળતર મળે તથા જમીન દલાલો તથા બિલ્ડરો દ્વારા બે રોકટોક બેફામ થતા રિ-ડેવલોપમેન્ટ યોજનાથી હેરીટેજ પોળો ને અસર થાય તે જોવાનું છે.

પક્ષીઓની ઉત્પત્તિ બાબતે અલગ-અલગ વૈજ્ઞાનિકો તેમના અલગ-અલગ મત વ્યકત કરે છે, અમુક વૈજ્ઞાનિકો એવું પણ માને છે કે પાણીમાં રહેતા સરિસૃપોમાંથી પક્ષીઓ ઉદ્ભવ પામ્યા હોઇ શકે, જયારે કેટલાક વૈજ્ઞાનિકો ઉડતી ખિસકોલી જેવા જીવોમાંથી પક્ષીઓ ઉદ્ભવ્યા હોવાનું પણ માને છે

વન્યસૃષ્ટિ પરિચય
પક્ષીઓનો ઉદ્ભવ

- હેમંત સુથાર

પૃથ્વી પરની જીવસૃષ્ટિની ઉત્પત્તિના અનેક વણઉકેલ્યા રહસ્યો છે. આ પૃથ્વી પર જીવોનું આગમન ૨ અબજ વર્ષ પહેલાં થયું હોવાનો અંદાજ છે. બધા જીવોમાં ઊડી શકતાં હોય તેવા જીવોમાં ફક્ત પક્ષીઓનો સમાવેશ થાય છે. પક્ષીઓ ૧.૫ અબજ વર્ષ પહેલાં ઉદ્ભવ્યા હોવાની ધારણા છે. જે સસ્તન પ્રાણીઓ કરતાં થોડા સમયબાદનો ગાળો દર્શાવે છે.

બધા જ જીવોમાં ખરા અર્થમાં ઉડી શકતાં જીવો તરીકે ફક્ત પક્ષીઓ જ છે. આ માટે પક્ષીઓમાં પાંખો તેમનું મુખ્ય અંગ ગણાય છે. આથી જીવોમાં પાંખોની ઉતપત્તિ પક્ષીઓનાં ઉદ્ભવના રહસ્યની ખોજ માટેની મુખ્ય કડી બની જાય છે. તેના આધારે "આર્કીવ્યોપ્ટેરેક્ષ" (Archaepteryx) ના આશ્મિઓને સરિસૃપ અને પક્ષીની જોડતી કડીરૂપ માનવામાં આવે છે. "આર્કીવ્યોપ્ટેરેક્ષ" નું જીવાશ્મિ ૧૪૦૦ લાખ વર્ષ જૂનું હોવાનું મનાય છે."આર્કીવ્યોપ્ટેરેક્ષ" નો અર્થ એન્શીયન્ટ વીંગ (Ancient wing) પ્રાચીન પાંખો એવો કરી શકાય. કાગડાના કદનું અને ગરોળી જેવું દેખાયું આ પ્રાણી લાંબી અણીયાણી પૂંછડી ધરાવતું હતું.

આર્કીવ્યોપ્ટેરેક્ષના લક્ષણો સરિસૃપો અને પક્ષીઓના જેવા મિશ્રિત જોવા મળતાં હતા. શરીર પરના ભીંગડા, ગરોળી જેવી લાંબી પૂંછડી, હાથ-પગના નહોરવાળા ત્રણ આંગળાઓ સરિસૃપો જેવા લક્ષણો હતા. જયારે પક્ષીઓનાં લક્ષણોની વાત કરીએ તો આર્કીવ્યોપ્ટેરેક્ષ વિકસિત પાંખો ધરાવતાં, મોઢામાં ચાંચ જેવા બે જડબા અને હાડકાંની બનાવટ તથા આકારો પક્ષી જેવા હતા.

ઘણાં વૈજ્ઞાનિકો પક્ષીઓને સરિસૃપો જેમ કે, સાપ, મગર, કાચબા અને ગરોળીઓમાંથી ઉતરી આવ્યા હોવાનું માને છે. પહેલી નજરે પક્ષીઓ અને સરિસૃપો દેખાવમાં ભલે જુદાં - જુદાં દેખાયાં હોય પરંતુ તેમના બંધારણ અને વિકાસના તબક્કાઓમાં ઘણું બધું સામ્ય જોવા મળે છે. જાણીતાં જીવવિજ્ઞાની ટી.એચ. હક્ષલે દ્વારા તો આ બંને વર્ગના પ્રાણીઓને એક જ પ્રકારના પ્રાણી સમુહમાં મુકવામાં આવ્યા હતા અને તેમનાં દ્વારા પક્ષીઓને 'ગ્લોરીફાઇડ રેપ્ટાઇલ્સ' (Gloryfied Reptiles) ઉપનામ પણ અપાયું હતું.

પક્ષીઓ અને સરિસૃપોના કેટલાંક સમાન લક્ષણો જોઇએ તો સરિસૃપોમાં જે રીતે ભીંગડા જોવા મળે છે. તેજ રીતે પક્ષીઓમાં પણ ભીંગડા જોવા મળે છે. પક્ષીઓમાં પગ્રના પંજાઓ ભાગ તથા ચાંચની આસપાસનો ભાગ ભીંગડાયુક્ત હોય છે. કાચબાઓનાં મોઢાનો ભાગ પક્ષીઓની ચાંચ જેવો અણીદાર અને મોઢામાં દાંત વગરના હોય છે. પક્ષીઓની અમુક જાતિઓમાં પાચનતંત્રને ટેવ હોય છે તે જ પ્રમાણે સરિસૃપોમાં મગરને કાંકરા - પથરા ખાવાની ટેવ જોવા મળે છે. પક્ષીઓ અને સરિસૃપો બંને ઝીલની મદદથી નહીં પણ ફેફસાંની મદદથી શ્વાસ લે છે. પક્ષીઓના શરીરમાં હવાની કોથળીઓ (Airsacs) હોય છે. તેવી હવાની કોથળીઓ 'સરડા' (કેમેલિયોન) નામના કાચિંડાઓમાં પણ જોવા મળે છે.

પક્ષીઓ અને મગરના શારીરિક અંગો જેવા કે હૃદય, રક્તવાહિનીઓ અને લોહીની રચનામાં ઘણી બધી સમાનતાઓ જોવા મળે છે. સાપ, કાચબા, મગર જેવા સરિસૃપોમાં બાહ્ય કાન જોવા મળતાં નથી તેજ પ્રમાણે પક્ષીઓમાં પણ બાહ્યકાન હોતા નથી.

પક્ષીઓ અને સરિસૃપોના ઇંડામાં ઘણી સમાનતાઓ હોય છે. સાપમાં "જેકબસન ઓર્ગન" નામની ખાસ ગ્રંથિ હોય છે. તેવી ગ્રંથિ પક્ષીઓનાં ઇંડામાં ગર્ભકાળ વખતે જોવા મળે છે. તેજ રીતે ઇંડાના સેવન બાદ બચ્ચાઓને બહાર નીકળવા માટે એક વિશિષ્ટ કામચલાઉ દાંત ઉગે છે જેની મદદથી પક્ષીઓ અને સરિસૃપો ઇંડાનું કોચલું તોડીને બહાર નીકળે છે. જેને 'એગ ટૂથ' (Egg tooth) ઇંડુ તોડવાનો દાંત તરીકે ઓળખવામાં આવે છે

પક્ષીઓની ઉત્પત્તિ બાબતે અલગ-અલગ વૈજ્ઞાનિકો તેમના અલગ-અલગ મત વ્યકત કરે છે. અમુક વૈજ્ઞાનિકો એવું પણ માને છે કે પાણીમાં રહેતા સરિસૃપોમાંથી પક્ષીઓ ઉદ્ભવ પામ્યા હોઇ શકે. જયારે કેટલાક વૈજ્ઞાનિકો ઉડતી ખિસકોલી જેવા જીવોમાંથી પક્ષીઓ ઉદ્ભવ્યા હોવાનું પણ માને છે. જમીન પર ઝડપથી દોડતાં જીવોના આગળના પગ ભક્ષક પ્રાણીઓથી બચવા માટે ઝડપથી દોડતાં રહેવું પડવાને કારણએ પાંખોનાં રૂપાંતરિત થયા હોવાનું પણ મનાય છે.

વિશ્વના ઘણાં ભાગોમાં પ્રવર્તમાન સમયમાં ઉડી ન શકતા હોય તેવા પક્ષીઓ જોવા મળે છે. આવા વિસ્તારોનો અભ્યાસ કરતાં જોવા મળ્યું કે પૃથ્વીના જે ભાગોમાં પક્ષીઓને મારીને ખાઇ શકે તેવા ભાગોમાં પક્ષીઓ નિર્ભય બની ને જમીન પર મુક્ત રીતે હરીફરી શકતાં હતા. આ કારણે તથા પુરતો ખોરાક આખું વર્ષ મળવાને લીધે પક્ષીઓને એક જગ્યાએથી બીજી જગ્યાએ ઉડીને જવાની જરૂરિયાત જણાતી ન હતી. અને તેથી આવા પક્ષીઓ ઉડવાનું લગભગ ભૂલી ગયા અને સતત ચાલવા અને દોડવાના કારણે તેમના પગ મોટા, લાંબા, મજબૂત અને આગળની તરફ ત્રણ આંગળાઓ વાળા થયા. શરીર પરની પાંખો નાની રૂંવાટી જેવી જાણે કે પાંખોનો પ્રાથમિક વિકાસ થયેલ હોય તેવી રહી જવા પામી.

(અનુસંધાન પાના નં. ૬ પર)